# આનંદઘનકો ક્યા?

વર્ષો પહેલાં આનંદઘન નામના જૈન સાધુ થઈ ગયા. એમનું એક ભજન "રામ કહો રહમાન કહો કોઉ" તો આશ્રમભજનાવલીમાં પણ છે જે ગાંધીજીને બહુ પ્રીય હતું.

તેઓ સંઘમાં નહીં ફરતાં, એકલા જ ફરવાનું પસંદ કરતા.

ફરતાં ફરતાં એકવાર તેઓ જોધપુર શહેરમાં આવી ચઢ્યા. ત્યાં ઘણા જૈનો રહે. આનંદઘનને ત્યાં બધા ચમત્કારી સાધુ તરીકે ઓળખે. સૌએ રાજાને આ વાત જણાવી.

હવે જોધપુરના રાજાને ત્રણ ત્રણ રાણી. પણ એકેને પેટે સંતાન નહીં. રાજા અને પ્રજાને તેની ચીંતા સતાવે. બધા આનંદઘન સાધુને લઈ રાજાને મહેલે પધાર્યા. સાધુ માંડ માન્યા અને એક તાવીજ–માંદળીયું બનાવી આપી કહ્યું કે એક રાણીને બાવડે આ બાંધી રાખજો. આટલું કહી મહારાજશ્રી તો વીહાર કરી ગયા.

પણ ત્યાં તો પછી ચમત્કાર થયો! જે રાણીને બાવડે તાવીજ બાંધ્યું હતું તે રાણીએ કુંવરને જન્મ આપ્યો. રાજા–પ્રજા સૌના આનંદનો તો પાર નહીં ! સૌ આનંદઘેલા થઈ ગયા. સાધુ આનંદઘનની બધે તપાસ કરાવડાવી. પણ સાધુનો પત્તો જ નહીં લાગ્યો.

પછી ઓચીંતા બાર વર્ષે આનંદઘન જોધપુર પધાર્યા. પધરામણીની જાણ થતાં રાજા–પ્રજાએ તો આખું શહેર શણગાર્યું. વાજતે ગાજતે સાધુ આનંદઘનની પધરામણી થઈ. રસ્તે સાધુ સૌને સતત પુછતા રહે કે આ બધું છે શું ? શેનો આવડો આનંદોત્સવ !!

# A'nandghan ko kya'?

varsho pahela' A'nandghan na'mna' jain sa'dhu thai gaya'. emanu rachelu ek bhajan **"Ra'm kaho Rahema'n kaho kou"** to Ashrambhajana'valima' pan' ch'e je Ga'ndhijine bahu priya hatu.

teo sanghma' nahi farta', ekala' j farva'nu pasand karta'.

farta' farta' ek va'r teo Jodhpur shaherma' a'vi chad'ya'. tya'n ghan'a' Jaino rahe. A'nandghanne tya'n badha' chamatka'ri sa'dhu tarike ol'akhe. sau e ra'ja'ne a' va't jan'a'vi.

have Jodhpurna' ra'ja'ne tran' tran' ra'n'i. pan' ekene pet'e santa'n nahi. ra'ja' ane praja'ne teni chinta' sata've. badha' A'nandghan sa'dhune lai ra'ja'ne mahele padha'rya'. sa'dhu ma'nd' ma'nya' ane ek ta'vij-m'andal'iyu bana'vi a'pi kahyu ke ek ra'n'ine ba'vd'e a' ba'ndhi ra'khjo. a't'alu kahi maha'ra'jshri to viha'r kari gaya'.

pan' tya'n to pach'i chamatka'r thayo! je ran'ine ba'vd'e ta'vij ba'ndhyu hatu te ra'n'ie kunvarne janm a'pyo. ra'ja'-praja' sauna' a'nandno to pa'r nahi! sau a'nandghela' thai gaya'. sa'dhu A'nandghanni badhe tapa's kara'vd'a'vi. pan' sa'dhuno patto j nahi la'gyo.

pach'i ochinta' ba'r varshe A'nandghan Jodhpur padha'rya'. padhara'man'i ni ja'n' thata' ra'ja'-praja'e to a'khu shaher shan'ga'ryu. vajte ga'jte sadhu A'nandghanni padhara'man'i thai. raste sa'dhu saune satat puch'ata' rahe ke a' badhu ch'e shun ? sheno a'vad'o a'nandotsav!!

રાજમહેલમાં રાજાએ બધી વાત કરી. માંદળીયું આપ્યાની વાત આનંદઘનના સ્મરણમાં તો નહોતી; છતાં કહ્યું, “લાવો તો, તે માંદળીયું ! જોઉં તો ખરો !” રાણીએ તે માંદળીયું આપ્યું.

સૌની વચ્ચે જ આનંદઘને તે ખોલ્યું અને અંદરથી એક લખેલી ચીઠ્ઠી કાઢી.
તેમાં લખ્યું હતું:

“રાની કો લડકા હુઆ, તો આનંદઘન કો ક્યા?
રાની કો લડકી હુઈ, તો આનંદઘન કો ક્યા?
ઔર અગર રાની કો કુછ ભી ન હુઆ તો, આનંદઘન કો ક્યા ?”

સાધુ આનંદઘને કહ્યું, “ચમત્કાર જેવું કંઈ છે જ નહીં. સાચા દીલની દુઆ કદાચ કામ કરતી હોય; પણ તેનીય સાબીતી શી ? અને એમ હોય તો તેમાંય, “ આનંદઘન કો ક્યા ?” , કહી સાધુ વીહાર કરી ગયા.

જીવનના આપણા બધા ઉધામા–અજંપા માટે આપણે આવો ભાવ કેળવી શકીએ તો !!

--મધુકાંતા ગજ્જર
તા.૨૧ મે, ૨૦૦૬ની ‘સન્ડે ઈ-મહેફીલ-૫૦’માટે ‘ઉંઝાજોડણી’માં અને ‘વીજયા’ ફોન્ટમાં અક્ષરાંકન:
**uttamgajjar@hotmail.com**

ra'jmahelma' ra'ja'e badhi va't kari. ma'ndal'iyu a'pya'ni va't A'nandghanna' smaran'ma' to nhoti; chata' kahyu, "la'vo to, te ma'ndal'yu! joun to kharo!" ra'n'ie te ma'ndal'iyu a'pyu.

sauni vachche j A'nandghane te kholyu ane andarthi ek lakheli chith'th'i ka'dh'i. tema' lakhyu hatu:

**"ra'niko lad'aka' hua',**
**to A'nandghanko kya'?**
**ra'niko lad'aki hui,**
**to A'nandghanko kya'?**
**aur agar ra'niko kuch' bhi na hua'**
**to A'nandghanko kya'?**

sa'dhu A'nandghane kahyu, "chamatka'r jevu kain ch'e j nahi. sa'cha' dilni dua' kada'ch ka'm karti hoi; pan' teniy sa'biti shi? ane em hoi toy tema'y **"A'nandghanko kya`?"**, kahi sa'dhu viha'r kari gaya'.

**jivanna' a'pan'a' badha' udha'ma'-ajampa' ma't'e a'pan'e a'vo bha'v kel'avi shakie to!!**

Madhuka'nta' Gajjar
(**eBha'rti** Romanized Gujara'ti ma')

‘સન્ડે ઈ-મહેફીલ’ તા. ૪થી જુન ૨૦૦૬થી બીજા વર્ષમાં પ્રવેશે છે. વર્ષ દરમ્યાન દેશવીદેશથી અનેક અજાણ્યા પણ નર્યા સ્નેહાળ મીત્રો મળ્યા. સૌનો સ્નેહ આ કાર્ય અમને વધુ વફાદારી અને નીષ્ઠાથી કરતા રહેવાની સતત પ્રેરણા આપે છે. સૌનો દીલી આભાર.

નવા વર્ષે તળગુજરાતથી દુર, દરીયાપાર વસીને પણ ગુજરાતી સાહીત્યની સાધના કરતા સમર્થ સર્જકોની કૃતીઓની **સન્ડે ઈ-મહેફીલ** ‘વીદેશ-સર્જનોત્સવ’ ઉજવવાનું નક્કી થયું અને સ્નેહી શ્રી. હરનીશભાઈ જાનીએ એના સંપાદનની સઘળી જવાબદારી સહર્ષ સ્વીકારી એનાથી વધારે રુડું શું? સૌ સાહીત્યસર્જકોનો અને ભાઈ શ્રી.હરનીશ જાનીનો ખુબ ખુબ આભાર..વીદેશના સર્જકમીત્રોનાં સુચનો અવશ્ય આવકાર્ય, આગ્રહ પણ ખરો જ.. સુચનો અને કૃતીઓ શ્રી. હરનીશભાઈને મોકલવા વીનંતી. ઈ-મેઈલ સંપર્ક **harnish5@yahoo.com**